GSTIN: 24AAALM0547L1DB
કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ડાંસડી વાડ, જુના બસ સ્ટેન્ડ પાસે, ભાગળ,સુરત-૩૯૫૦૦૩

જા.નં.- જા.નં. ૬૪૬૨ તા.- તા.૦૮/૦૮/૨૩

પ્રતિ,

...........................

...........................

...........................

...........................

વિષય : ૧૫ મી ઓગષ્ટ અને ૫ મી સપ્ટેમ્બર નિમિત્તે મંડપ સર્વિસ પુરી પાડ્વા માટેના ભાવ આપવા બાબત.
સંદર્ભ : તા. ૦૭/૦૮/૨૦૨૩ ની નોંધ પર મે. અધ્યક્ષશ્રીની મળેલ મંજુરી અન્વયે.

મહાશય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત દ્વારા રાષ્ટ્રીય પર્વ ૧૫ મી ઓગષ્ટ અને ૫ મી સપ્ટેમ્બર શિક્ષક દિનની ઉજવણીના કાર્યક્રમમાં મંડપ સર્વિસની જરૂરીયાત છે આ માટે નીચે મુજબની શરતોને આધિન મંડપ સર્વિસ પુરી પાડવા માંગતા હોય તો આપના ભાવો સંસ્થાના લેટર પેડ પર બંધ કવરમાં તા. ૧૦/૦૮/૨૦૨૩ને સાંજના ૫ : ૦૦ કલાક સુધીમાં મળી રહે તે રીતે રૂબરૂ/કુરીયર/પોસ્ટ  મારફત પહોંચતા કરવાના રહેશે.

શરતો :

(1) ઈજારદારની કામગીરીમાં વપરાતી સાધન સામગ્રીની વ્યવસ્થા કોન્ટ્રાક્ટરે પોતાના ખર્ચે કરવાની રહેશે. તેમજ કોન્ટ્રાક્ટમાં રોકાયેલા કામદારોનાં મહેતાણું કોન્ટ્રાક્ટરે ચુકવવાનું રહેશે.અને તે મહેનતાણા અંગે કોઈપણ પ્રકારની ફરીયાદ અત્રેની કચેરીએ આવવી જોઈએ નહી. આકસ્મિક કોઈ ઘટના થાય તો ઈજારદાર તરફથી રોકાયેલા માણસોનાં હક્ક માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતની કોઈ જવાબદારી રહેશે નહી.

(2) મંડપ, સ્ટેજ, ખુરશી ભાડેથી પુરા પાડવા અંગેની કામગીરી માટે  રોકેલા કામદારોને  અકસ્માત/ઈજા થાય તો તેની પુરેપુરી જવાબદારી કોન્ટ્રાક્ટર/ઈજારદારની રહેશે.

(3) મંડપ, સ્ટેજ, ખુરશીની સર્વિસ રમત-ગમત, વિજ્ઞાન તથા સાંસ્કૃતિક વિગેરે જેવા જે-તે સમયે અલગ-અલગ સ્થળો ઉપર થનાર પ્રોગ્રામમાં મંડપ, સ્ટેજ, ખુરશીની સર્વિસ પૂરી પાડવાની રહેશે.

(4) ઓર્ડરમાં જે ક્વોન્ટીટી દર્શાવેલ  છે તેમાં સ્થળ સ્થિતિ અનુસાર ૩૦% વધ/ઘટ થઈ શકે છે અને આ અંગે કોન્ટ્રાક્ટર કોઈપણ પ્રકારનો કેસ કરી શકશે નહિ.

(5) તમામ ટેક્ષ , જી.એસ.ટી., ટ્રાન્સપોર્ટેશન, મજુરી સાથેના ભાવો ભરવાના રહેશે.

(6) આપના દ્વારા ભરેલ ભાવોમાં પાછળથી કોઇ પણ પ્રકારના ફેરફાર કરી શકાશે નહિ.

(7) આપના દ્વારા ભરેલ ભાવોના અંકમાં અને શબ્દોમાં વિસંગતતા જોવા મળશે તો તેવા સંજોગોમાં શબ્દોમાં દર્શાવેલ ભાવો માન્ય રાખવામાં આવશે.

(8) ભાવ પત્રક આ સાથે સામેલ છે. જે નમુનામાં જ એજન્સીના લેટર પેઈડ પર ભાવ ભરવાના રહેશે જેની ખાસ નોંધ લેશો.

(9) કામગીરી માટે સંબંધિત ઈજારદારને ૨૪ કલાક અગાઉ લેખીત જાણ કરવામાં આવશે. તેમ છતાં ખાસ સંજોગોમાં ૧૨ કલાકની ટૂંકી મુદતથી મૌખિક / લેખિત જાણ કર્યેથી ઈજારદારે કામગીરી  કરવાની રહેશે. જો તેમ કરવામાં ઈજારદાર નિષ્ફળ જાય તો ઈજારદારનાં ખર્ચે અને જોખમે અન્ય એજન્સી પાસેથી તેઓનાં ભાવો મુજબ કામગીરી કરાવી લેવામાં આવશે.

(10) તમામ કાર્યક્રમો માટે ૨૪ કલાક કરતા વધુ સમય માટે બનાવવામાં આવેલ સ્ટેજ/ મંડપ/ બેરીકેટીંગનો ઉપયોગ કરવામાં આવશે. તો જ બીજા દિવસ માટે ચુકવણી કરવામાં આવશે. અન્યથા ફકત ૦૧ (એક) દિવસ માટેનું ચુકવણું કરવામાં આવશે.

(11) નિયત સમયબાદ મળેલ ભાવ પત્રકના કવરો સ્વીકારવામાં આવશે નહિ.

(12) બંધ કવર પર મંડપ સર્વિસ ભાવ પત્રક એવુ સ્પષ્ટ લખવાનું રહેશે.

(13) ભાવો ફકત સ્થાનિક ઈજારદારના જ સ્વીકારવામાં આવશે. જે તે સ્થળે આપેલ કામગીરી સમયમર્યાદામાં મુજબની પુરી પાડવામાં ન આવે તો મોડુ થયે અડધા કલાકનાં ૦.૨૦ % પ્રમાણે વિલંબીત જે તે વસ્તુ પર પેનેલ્ટી બીલમાંથી વસુલ કરવામાં આવશે.

ઈ.ચા.શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત

# મંડપ સર્વિસ માટેનું ભાવપત્રક

| sir | Item Description (Name Of Company) | Quantity (only figures) | UNIT (upto 50 characters) | રૂ. અંકમા | ભાવ શબ્દોમાં |
|---|---|---|---|---|---|
| 1 | Water proof Mandap with G.I.roof - Up to 1-days | 1 | Sq.ft. | | |
| 2 | Water proof Mandap with G.I.roof Up to 15 ft. width - Up to 1-days | 1 | Sq.ft. | | |
| 3 | Water proof Mandap with tadpatri Up to 15 ft. width - Up to 1-days | 1 | Sq.ft. | | |
| 4 | Water proof Mandap with tadpatri from 16' to 30 ft.width - Up to 1-days | 1 | Sq.ft. | | |
| 5 | Water proof Mandap with tadpatri More than 31 ft. width - Up to 1-days | 1 | Sq.ft. | | |
| 6 | Dunlop Sofa -Up to 1-days ( 3 seater) | 1 | Nos. | | |
| 7 | Steel Sofa - Up to 1-days ( 3 seater) | 1 | Nos. | | |
| 8 | Counter - Up to 1-days | 1 | Nos. | | |
| 9 | Glass tipai - Up to 1-days | 1 | Nos. | | |
| 10 | Red carpet -Up to 1-days | 1 | Sq.Ft | | |
| 11 | Green carpet - Up to 1-days | 1 | Sq.Ft | | |
| 12 | Chair with Cover - Up to 1-days | 1 | Nos. | | |
| 13 | Chair without Cover - Up to 1-days | 1 | Nos. | | |
| 14 | Chair with Upholstery - Up to 1-days | 1 | Nos. | | |
| 15 | Table size 5'X2' - Up to 1-days | 1 | Nos. | | |
| 16 | Table size 4'X2' -Up to 1-days | 1 | Nos. | | |
| 17 | Podiyam stand - Up to 1-days | 1 | Nos. | | |
| | Stage Cartain - Up to 1-days | | | | |
| 18 | Partition - Framing Partition 16 ft.hight - Up to 3-days -Up to 1-days | 1 | Sq.ft. | | |

એજન્સીના સહિ સિક્કા